સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

વરસતો નથી હવે માત્ર વાદળો જ ફાટે છે,
જેમ જ્યાં ચૂંટણી હોય ત્યાં જ વિકાસ ત્રાટકે છે,
વાટે છે સંશોધન હવે 'વીજળી'ની રસી પણ -
કાબૂમાં કોઈ નહી-ડેમ-તળાવો, ફાટે છે.
(ફેલાયો છે ચેપ - હવે વીજળી પડવાથી મોત)

હાઈકુ

સાંભળે માત્ર -
કંઈએ એટલું જ
કાનની રસી!
(રેડિયો કી બાત)

સરકારને
ખપે તંદુરસ્ત પ્રજા -
રાખો 'ડોઝ'માં
(સરકાર પ્રચારમાં સક્રિય)

ચિંતન

ગુણવાનપિ નોપયાતિ પૂજાં પુરુષઃ સત્પુરુ ખૈર કથ્યમાનઃ ।
ન હિ સૌરમણિ સ્વભાવ કાંતિ રવિપાદૈરનધિષ્ઠિતઃ કરોતિ ॥

ઉપરોક્ત શ્લોક જ્ઞાનસૂત્રમાંતી લેવામાં આવેલ છે.

ભલે ગુણવાન-વિદ્વાન-પંડિત સાહિત્યકાર હોય, પણ જ્યાં સુધી સત્પુરુષો વડે તેનું અનુમોદન-પ્રશંસા કરવામાં ન આવે ત્યાં સુધી તે સત્કાર-સન્માનને પ્રાપ્ત થતો નથી, જેમ સૂર્યકાન્ત મણિકે દર્પણ પર જ્યાં સુધી સૂર્યમાં કિરણ પડતાં નથી ત્યાં સુધી તે પોતાની સ્વાભાવિક કાન્તિને પ્રગટ કરી શકતો નથી.

એક કહેવત છે વાડ વિના વેલો ચડે નહીં, પરિવારની ઓથ વિના બાળકોનો વિકાસ સંભવ નથી.

આજકાલ પ્રચાર-ઢોલ પીટવા - માન-સન્માન એવોર્ડ મેળવનાર ગોઠવણો બધા ક્ષેત્રમાં એક 'વ્યાપારી ધોરણ' પ્રચાર - પ્રસાર પામી ગયાં અનિષ્ઠ છે. બાયોડેટામાં આવા અવોર્ડ-માન-સન્માનનાં ચાંદ-અકરામથી ગમે તેવા નાલાયક પણ ઊંચી જગ્યા પર બેસી જાય છે અને આવડત વિના પદ-માનની પ્રાપ્તિ કરી લે છે.

અરીસા પર સૂર્યનું કિરણ પડે ત્યારે જ એના પ્રકાશના પરિવર્તનથી અરીસો નોંધનીય બને છે તો એના પર કોઈનું ધ્યાન જતું નથી. પ્રધાનો પોતાની કવિતાઓ છુપાવી જાતે જ પ્રકાશિત કરતા હોય છે.

સુવિચાર

- ચુપચાપ બૈઠે હૈ આજ સપને મેરે લગતા હૈ ફિર હકીકત ને સબક સિખાયા હૈ - **સ્પંદન ઝા**
- દેખાય છે એવી તો નથી આ દુનિયા,
  અહિંયા કાંટા છે કોમળ અને ફુલ છે ડંખીલા - **શાહબુદ્દીન રાઠોડ**
- સ્વભાવથી વ્યવહાર બનાવો, વ્યવહારથી સ્વભાવ નહી - **એસ. ભટ્ટાચાર્ય**
- તમારામાં ખરાબ થવાની હિંમત ના હોય તો માત્ર સારા કહેવડાવવું એ ગુણ નથી - **ફ્રેન્ચ કહેવત**
- બધા જ અજ્ઞાન અને ભૂલની ફરિયાદ કરે છે,
  પણ પોતાને તેમાંથી બાકાત રાખે છે - **જહોન ફોસ્ટર**
- માણસ માત્ર ભૂલો કરવાનો છે,
  પણ ભૂલો કર્યા કરવી એ બદમાશી (શેતાનિયત) છે - **શેખ સાદી**
- આજનું ઔષધ : ગાયની ઘી એક ચમચીમાં દસગ્રામ કપૂર મેળવી માથામાં કપાળમાં માલિસ કરવાથી આધાશીશીના દર્દમાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઊંડી અધ્યાત્મ સાધના પછી ગુરુ પાસેથી શિષ્યએ વિદાય લેતા પૂછ્યું, 'ગુરુદેવ મારે આપને ગુરુદક્ષિણા આપવી છે. કઈ વસ્તુ આપને અર્પણ કરું.' ગુરુએ કહ્યું, 'વત્સ, જગતમાં જે સૌથી વ્યર્થ અને તુચ્છ હોય તે મને દક્ષિણ રુપે આપ.' શિષ્ય સૌથી વ્યર્થ વસ્તુ શોધવા નીકળ્યો. એને થયું આ પૃથ્વીની માટી કશાય કામની નથી એ ઊડે તો કપડા બગાડે, આકાશમાં આંધી આવે તો વાતાવરણ બગાડે. લોકો પમ એના પર પગ મૂકીને ચાલતા હોય છે, આવી નકામી ઢેબે ચડતી માટીની બીજી તુચ્છ વસ્તુ કોઈ ન હોઈ શકે.' શિષ્ય માટી લેવા નીચે વળ્યો ત્યારે માટી બોલી. 'અરે, તું મને તુચ્છ સમજે છે? તને ખબર છે કે આ જગતની સર્વ સમૃદ્ધિ મારામાંથી પ્રગટ થાય છે. મારા વિના નાનો છોડ પર ન ઉગે! મારા વગર ઈમારત ન બની શકે, આ જગતમાં જે કંઈ રુપ, રસ અને સુગંધ છે તે બધું જ મારે કારણે છે. સમજ્યો !!' શિષ્ય ને પોતાની ક્ષતિ સમજાઈ, તે આગળ ચાલ્યો. એણે પથ્થર હાથમાં લીધો. અને પથ્થરમાંથી અવાજ આવ્યો. 'તમે આટલા સમર્થ જ્ઞાની થઈને મને સાવ નકામો માનો છો? તમારા મંદિરમાં પ્રભુની મૂર્તિ શેમાંથી બનેલી છે. જરા મને કહો. તમારા ઘર પથ્થર વગર બની શકે ખરા? જ્યાં આપે વિદ્યાઅભ્યાસ કર્યો એ આશ્રમની દિવાલો શેની બનેલી છે? આપે આપ મને તુચ્છ સમજો છો?' શિષ્ય ને પથ્થરની વાતમાં દમ લાગ્યો. બાહ્ય જગતને છોડી શિષ્યે પોતાની ભીતરમાં ધ્યાન કર્યું તો ખ્યાલ આવ્યો કે મારી અંદર રહેલું અહંકારનું તત્ત્વ જ છે કે જેનો કોઈ ઉપયોગ નથી એ જ તુચ્છ અને વ્યર્થ છે' શિષ્ય પરત ફર્યો અને ગુરુને કહ્યું, 'આપને ગુરુદક્ષિણા રુપે હું વ્યર્થ અને તુચ્છ એવો મારો અહંકાર સમર્પિત કરું છું.' ગુરુએ શિષ્યને આશીર્વાદ આપ્યા અને વિદાય કર્યો.

ત્રણ રાજ્યોમાં રાજકીય બખડજંતર

તંત્રીસ્થાનેથી...

એકી સાથે ત્રણ રાજ્યોમાં રાજકીય ચહલપહલ વધી ગઈ છે. જો કે સત્તા હોય ત્યાં ખટપટ તો સ્થાયી ભાવ બની જ રહેતો હોય છે. ફક્ત દેખાવ જ 'સબ સલામત'નો હોય, અંદર ખાને ચરુ ઊકળતો જ રહે. કર્ણાટકના મુખ્યમંત્રી યેદુરપ્પા સામે અસંતોષ સરજાયો છે અને એના સમાધાન માટે એ દિલ્હી જઈ આવ્યા છે. પોતાના પુત્ર સિવાય યેદુરપ્પા અન્ય કોઈને મુખ્યમંત્રી પદે સ્વીકારવા તૈયાર નથી. એમને બંગાળન રાજ્યપાલ પદની ઓફર કરાઈ છતાં તે નકારી કાઢી છે. સંઘના જૂના નેતાઓ ભ્રષ્ટ યેદુરપ્પાથી નારાજ છે એટલે કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તન કોઈ પણ સમયે થઈ શકે છે. કદાચ નજીકના ભવિષ્યમાં એમને પદ છોડવાનું કહી દેવામાં આવે તો નવાઈ નહીં. મહારાષ્ટ્રમાં શિવસેના-કોંગ્રેસ-એનસીપીની મહા અઘાડી સરકાર હરહંમેશ અધ્ધર જીવે ચાલી રહેલી વરતાય છે. વિચારદારાના મતભેદ છતાં ભારતીય જનતા પાર્ટીના દુરાગ્રહ સામે શિવસેનાએ એના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરેને પાંચ વર્ષ માટે મુખ્યમંત્રી પદે કાયમ રહે એવું સમાધાન કરીને મહા અઘાડી સરકાર તો બનાવી, પણ રિમોટ કંટ્રોલ શરદ પવારના હાથમાં જ રહ્યો છે. જો કે શરદ પવાર મક્કમ ન રહ્યા હોત તો મહારાષ્ટ્રમાં રાતોરાત બની ગયેલી ભાજપ-એનસીપીની મિલીજુલી સરકાર સ્થિર થઈ ગઈ હોત. પવારના રાજકીય વારસ ગણાતા એમના ભત્રીજા અજિત પવારે તો પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસ સાથે હાથ મિલાવી જ દીધા હતા. પવાર માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો - વિશ્વસનીયતાની કસોટી હતી એટલે કે સરકાર નહોતી ચાલી શકી અને ભાજપના હાઈકમાન્ડથી લઈ મહારાષ્ટ્રના રાજ્યપાલને ભારે નામોશીભરી સ્થિતિમાં મુકાઈ જવું પડ્યું હતું. પવારને તો ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના 'રાજકીય ગુરુ' માને છે. અઠંગ ખેલાડી કયારે કેવો ખેલ પાડી દેશે એ કોઈ કળી શકતું નથી. કોંગ્રેસ છોડીને પોતાનો પ્રાદેશિક પક્ષ બનાવ્યા છતાં પવાર રાષ્ટ્રીય નેતા તરીકે જ કાર્યરત રહ્યા છે. વાજપેયી, નરસિંહરાવ અને મનમોહનસિંહના નેતૃત્વ વાળી સરકારોમાં એમનું વજૂદ અકબંધ રહ્યું હતું. મોદી સાથે પણ એ આસાનીથી ગોઠવાઈ શક્યા હોત, પરંતુ સિનિયોરિટી અને વિશ્વસનીયતા જેવી બાબતો આડી આવી હતી. હમણાં અઘાડી સરકારના ભવિષ્ય વિશે શંકા-કુશંકાઓ શરૂ થઈ ગઈ છે. ભાજપ અને શિવસેના સરખી વિચારધારા ધરાવતી પાર્ટીઓ હોવા ઉપરાંત સમાધાનપૂર્વક ચૂંટણીઓ પણ લડતી રહી છે. ઉદ્ધવ ઠાકરેને મુખ્યમંત્રી પદે ટર્મ પૂરી કરવા દેવા ભાજપ તૈયાર છે. સમાન વિચારધારા ધરાવતી બે જૂની સહયોગી પાર્ટીઓ ફરી એક મંચ પર આવે તો મહારાષ્ટ્રમાંથી એનસીપી-કોંગ્રેસને સત્તાથી દૂર જ રહેવું પડે. એ સંજોગોમાં શરદ પવારને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવી દેવાય તો શિવસેનાને રાજીપો જ રહે એમ છે. જો કે મોદી આવા વિચક્ષણ રાજપુરુષને પોતાના ઉપર તરીકે સ્થાપવાનું જોખમ વહોરે તો એ એમની પ્રકૃતિ વિરુદ્ધનો નિર્ણય હશે. અડવાણી કે મુરલી મનોહરને ટાળી દેનાર નેતા વિપક્ષી રાષ્ટ્રીય નેતાને મોટું પદ આપવું જોખમ તો જ ખેડે જો આગામી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ સંભવિત વિપક્ષી મોરચાની ધરી તરીકે તેઓ પવારને જ જોતા હોય. પવારને રાષ્ટ્રપતિ બનાવી દે એટલે એ 'ન્યુટ્રલ' બની જાય અને વિપક્ષી મોરચો નેતાવિહોણો બની રહે. પંજાબમાં વળી જુદી જ જદ્દોજહદ ચાલી રહી છે. કોંગ્રેસને દસ વર્ષના અકાલી રાજ પછી સત્તા પર લાવનાર પટિયાલાના માજી રાજવી કેપ્ટન અમરિંદરસિંહ સોમ ભાજપ છોડીને કોંગ્રેસમાં ગયેલા પૂર્વ ક્રિકેટર નવજોત સિદ્ધુએ રીતસરનો મોરચો ખોલી દીધો છે. સિદ્ધુ પાસે વાણીનો વૈભવ છે. એ પાર્ટીની ચૂંટણીઓના સ્ટાર પ્રચારક રહ્યા છે. વળી અમરિંદર સિંહના એકહથ્થુ શાસનથી કંટાળેલા કેટલાક મંત્રીઓ અને કોંગ્રેસી આગેવાનો પણ સિદ્ધુની સાથે થઈ ગયા છે. સિદ્ધુને પંજાબ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ બનવું છે. આ માટેની સહમતિ પણ એમણે રાહુલ-પ્રિયંકાને મળી મેળવી લીધી છે. ઔપચારિક જાહેરાત થાય એ પહેલાં મુખ્યમંત્રી અમરિંદર સિંહે કાર્યકારી અધ્યક્ષા સોનિયા ગાંધીને સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે સિદ્ધુને પાર્ટીના કર્ણધાર બનાવવાથી આગામી વિધાનસભાની ચૂંટણી પર વિપરીત અસર પડવાની પૂરી સંભાવના છે. જો કે સિધ્ધુ હઠે ચડેલા છે અને એમણે અમરિંદર વિરુદ્ધ પોતાનું જૂથ બનાવી દીધું છે. એમને તો આગામી ચૂંટણી પોતાના જ નેતૃત્વમાં લડાય એવી સ્થિતિ સર્જવી છે, પણ પાર્ટી હાઈકમાન્ડ અમરિંદરસિંહ જેવા વરિષ્ઠ અને નીવડેલા નેતાને નારાજ કરી શકે એમ નથી. આથી પંજાબ પ્રદેશ કોંગ્રેસના પ્રભારી અને કોંગ્રેસના એટલા જ વરિષ્ઠ નેતા હરીશ રાવતને મામલો સુલઝાવવાની જવાબદારી સોંપાઈ છે. અમરિંદરસિંહ અને સિદ્ધુને સાથે બેસાડવાનું અઘરું છે કારણ કે બટકબોલા પૂર્વ ક્રિકેટર મુખ્યમંત્રીની વિરુદ્ધ ઝેર ઓકવામાં કશી કસર રાખી નથી. સોનિયા ગાધીના વિશ્વાસુ સાથી અમરિંદરે છેવટે પાર્ટી અધ્યક્ષા જે ફેંસલો કરશે એ પોતાને સ્વીકાર્ય હશે એવું નિવેદન આપ્યું છે. જો કે એથી ઘીના ઠામમાં ઘી પડી ગયું એમ માની લેવું બરાબર નહીં ગણાય. સિદ્ધુને આવકારવા આમ આદમી પાર્ટી ટાંપીને બેઠેલી છે!

રાજ્યમાં બાયો ડિઝલના વેચાણ ઉપર પ્રતિબંધ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

તાજેતરમાં પેટ્રોલીયમ પેદાશોના ભાવોમાં ઉછાળો આવતા લોકો બાયો ડિઝલના વપરાશ તરફ થયેલ છે. બાયોડિઝલ સામાન્ય ડિઝલ કરતા પ્રમાણમાં સસ્તુ પડતું હોય તેનો ઉપયોગ કોમર્શિયલ અને ખાનગી વાહનોમાં ઘણા લોકો કરવા લાગતા રાજ્ય સરકારે આવા બાયો ડિઝલ પદાર્થના ખરીદ-વેચાણ ઉપર પ્રતિબંધ મૂકેલ છે. હવે પછી ઉચ્ચ સ્તરીય મિટિંગમાં આ બાબતના વેચાણ પરવાનગી અંગેના નિયમો બનાવવામાં આવશે ત્યારબાદ કોમર્શિયલ કે ખાનગી ખરીદ-વેચાણ માટે પરવાનગી આપવાનું નક્કી કરવામાં આવશે. હાલમાં બાયો ડિઝલના ગેરકાયદેસરના વેચાણ કરનાર તથા તેની સામે જોડાયેલા લોકો વિરૂધ્ધ કડક પગલા ભરવા માટે પૂરવઠા તથા ગૃહ ખાતાને જણાવવામાં આવ્યું છે.

બાયો ડિઝલના વેચાણની નિતિના અમલ માટે ઉચ્ચસ્તરિય બેઠકમાં ગૃહ પૂરવઠા તથા જી.એસ.ટી. તેમજ મુખ્ય સચિવશ્રી સમક્ષ વિચાર વિમર્શ કરી નવી નિતિ અમલમાં મૂકવામાં નહી આવે ત્યાં સુધી આવા પ્રકારનાં વેચાણને ગેરકાયદેસરનું ગણવામાં આવશે. આ માટે ઓઈલ કંપનીના ચીફ સાથે પણ ચર્ચા કરવામાં આવશે.

રાજ્યમાં બાયો ડિઝલના નામે ભળતા પદાર્થોના વેચાણ-ખરીદને અટકાવવાના હેતુ માટે સ્ટેટ લેવલ (એ.સ.એ.લ.એ.લ.)ની કમિટિની રચના કરવામાં આવેલ છે. જેમાં ગૃહ સચિવ, પૂરવઠા સચિવ, નાણા વિભાગ તથા અન્ય સંલગ્ન અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. હાલમાં બાયો ડિઝલના વેચાણ ઉપર નિયંત્રણ આ કિમિટિ રાખશે.

બાયોડિઝલના નામે થતા પદાર્થના વેચાણના કારણે રાજ્યની આવકને નુકશાન થવા સંભવ છે. જનતાને સસ્તુ મળે તો કાયદેસર ગેરકાયદેસરની હકિકત જોતા નથી અને ખરીદ-વેચાણ ના સોદાઓ કરે છે. હાલમાં બાયોડિઝલનો ઉપયોગ ખેત ઉત્પાદનમાં વધારે પ્રમાણમાં થતો જોવા મળે છે. ગામડાઓમાં આંતરિયાળ વિભાગમાં જ્યાં પેટ્રોલ, ડિઝલ સત્તાવાર ઉપલબ્ધ ના હોય ત્યાં બાયોડિઝલનો વપરાશ વધારે પ્રમાણમાં થતો જોવા મળે છે. બાયો ડિઝલના નામે થતા પદાર્થના વેચાણના કારણે પર્યાવરણને પણ ગંભિર નુકશાન થાય છે. તેથી એન્વાયરમેન્ટ ડિપાર્ટમેન્ટના અભિપ્રાય પણ નવી નિતિ ઘડવામાં આવશે. હાલમાં આવા પદાર્થના અનઅધિકૃત વેચાણ બંધ કરાવવા આકરા પગલા ભરવા માટે જણાવવામાં આવ્યું છે. બાયો ડિઝલના નામે સોલવંટ પેટ્રોલિયમ પદાર્થો વગેરેની થતી આયાતે પણ અટકાવવાની સૂચનાઓ આપવામાં આવી છે.

હાલમાં બાયોડિઝલનો જથ્થો ઉપલબ્ધ ના હોવાથી છૂટક વેચાણ કે રીટેઈલ આઉટલેટ મારફતે બાયોડિઝલના વેચાણની મંજરી આપવામાં આવતી નથી. ઓઈલ માર્કેટીંગ કંપનીઓ બાયોડિઝલ ખરીદીને સોર્સ ઉપર બ્લોડિંગ કરીને વેચાણ કરી શકશે. ઓઈલ માર્કેટીંગ કંપની સીવાયની વ્યક્તિએ કરેલ વેચાણ ગેરકાયદેસર ગણી એસેનશીયલ રાઈટ્સ એક્ટ તથા પૂરવઠા અધિનિયમ મુજબ પગલા ભરવામાં આવશે.

હાલમાં પેટ્રોલિયમ પદાર્થોને બાયોડિઝલને હાઈસ્પીડ ડિઝલમા નિયત માત્રામાં મિક્ષ કરીને ઉપયોગ કરવાની ભારત સરકારની નિતિ છે. આથી પેટ્રોલિયમ પદાર્થો ઉત્પાદનો ઉપરની નિર્ભયતા ઘટશે તેમજ પેટ્રોલિયમ ઉત્પાદનો પર થતા વિદેશી હૂંડીયામણમાં પણ ઘટાડો થશે તથા પેટ્રોલ-ડિઝલના ભાવો નિયંત્રણ કરવા માટે પણ બાયોડિઝલનો ઉપયોગ વધારવા માટેની ખરીદ-વેચાણની નવી નિતનો અમલ રાજ્યમાં કરવામાં આવશે. નવી નિતી અમલમાં મૂકાય ત્યાં સુધી આવા પદાર્થ વેચાવા ગેરકાનૂની ગણાશે અને સજા અને દંડ બંને થશે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

મનગમતી વસ્તુ કરવા માટે ઉંમરનો પણ કોઈ બાધ નડવો ન જોઈએ

આપણે મનથી નક્કી કરીએ તો કશું જ અશક્ય નથી

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

'તમારો વ્યવસાય ચાહે તે હોય અને તમારા કલાકો પ્રવૃત્તિથી ગમે તેટલા ભરચક હોય, પણ તમારા આંતરજીવનને તાજગી આપવા યોગ્ય થોડીક પળો રોજેરોજ મેળવવાનું ચૂકશો નહીં.

- ચાર્લ્સ નોરટન

સપ્તાહની શરુઆત એટલે સોમવાર. સોમવારની સવારે હાથમાં ચાનો કપ લઈ પેપર વાંચતા વાંચતા આપણે હંમેશા એવું વિચારીએ છીએ કે શનિવાર અને રવિવાર કેટલી ઝડપથી પસાર થઈ ગયા અને ક્યારે આ સોમવાર આવી ગયો એનો ખ્યાલ જ ન રહ્યો! આમ તો આપણે બાળકો માટે એવું અવારનવાર કહેતા હોઈએ છીએ કે એકાદ રજા આવે ત્યાર પછી તેમને સ્કૂલે જવામાં કંટાળો આવે છે પણ આ વાત માત્ર બાળકો પૂરતી જ સીમિત નથી! આજની આ ફાસ્ટ લાઈફમાં રવિવારની રજામાં પણ આપણે તો કેટલાય કામોનું એક લાંબુ લિસ્ટ બનાવીએ છીએ અને એને પૂરું કરવામાં Weekend ક્યાં પસાર થઈ ગયું તેનો ખ્યાલ પણ રહેતો નથી! પણ એક વાત તો ચોક્કસ છે કે આટલા બધા કામોની વચ્ચે થોડીક અંગત ક્ષણો આપણે એવી શોધી લેવી કે જેનાથી આપણે rechange થઈ જઈએ!

આપણે શાળા-કૉલેજમાં હોઈએ ત્યારે ચિત્ર-સંગીત તેમજ વિવિધ sports activities માં ભાગ લેતા હોઈએ છીએ. ૪૦-૬૦ વિદ્યાર્થીઓના Class માં બધા જ ચિત્રકલામાં નિપુણ હોય કે રસ ધરાવતા હોય એવું શક્ય નથી. તેમ છતાં કોઈ એકાદ બાળકમાં પણ એ નિપુણતા મળી આવે તે માટે બધાને રસ લેતા કરવામાં આવે છે દરેક બાળક પોત-પોતાની રસ-રૂચિ અનુસારની મનગમતી પ્રવૃત્તિ સ્વીકારી તેમાં પોતાની પ્રતિભાશક્તિને સુંદર રીતે કેળવી શકે છે તેમજ આત્મવિશ્વાસમાં અભિવૃત્તિ પણ કરી શકે છે. એક બાળક આખો દિવસ માત્ર ભણ્યા જ કરે તો તે માનસિક અને શારીરિક બંને દૃષ્ટિએ થાકી જાય પરંતુ, ભણતાં ભણતાં break લઈને પોતાને મનગમતી એકાદ પ્રવૃત્તિ પણ તે કરી લે તો તેની એકાગ્રતામાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે! મનગમતી વસ્ત કરવાનો થાક કે કંટાળો આપણને ક્યારેક આવતો નથી કે તેના માટે કોઈ extra efforts પણ કરવા પડતા નથી. અને માટે જ આવા પ્રકારની પ્રવૃત્તિઓ આપણા વ્યક્તિત્વને વિકસાવવા માટે અત્યંત જરૂરી છે.

મલ્ટીનેશનલ કંપનીસમાં કામ કરતા એજીનીયર્સ હોય કે કોર્પોરેટ હોસ્પિટલમાં કામ કરનારા ડૉક્ટર્સ આ તમામ પોતાના hectic schedule વચ્ચે પણ કોઈ એકાદ મનગમતી પ્રવૃત્તિ કરવા માટેનો સમય ફાળવી જ લેતા હોય છે! એક સર્વે અનુસાર આજકાલ ઓબેસીટી અને માનસિક રોગોની તકલીફ લોકોમાં ખૂબ મોટા પ્રમાણમાં જોવા મળે છે. આ પ્રકારની તકલીફો જો નિવારવી હશે તો આપણે આપણી hobby કે મનગમતી પ્રવૃત્તિ માટે જરુરી સમય પણ ફાળવવો જ પડશે! કોઈ એકાદ જૅજિ કે જે શાળાજીવનમાં અત્યંત મનગમતી રમત હતી અને હવે સમયના અભાવે સાવ જ ભૂલાઈ ગઈ છે તો આજથી જ એ રમતને તમારા દિવસના planing listમાં સામેલ કરી દો અને પછી જુઓ એ એક કલાકની રમત તમારા ૨૪ કલાકના દિવસમાં તાજગીનો કેવો ચમત્કારિક ઉમેરો કરી દે છે!

મનગમતી વસ્તુ કરવા માટે ઉંમરનો પણ કોઈ બાધ નડવો ન જોઈએઆપણે મનથી નક્કી કરીએ તો કશું જ અશક્ય નથી! સમયના અભાવે અને જવાબદારીઓના બોજા હેઠળ જે બાબતો પર ધ્યાન આપવાનું રહી ગયું હોય કે જે મનગમતી પ્રવૃત્તિઓનો ભોગ અપાયો હોય તેને યાદ કરો અને આજથી જ તે શોખને પુનઃપ્રસ્થાપિત કરવાનો પ્રયત્નોનો આરંભ કરી દો! સપ્તાહની શરુઆતે; દિવસની શરુઆતે આપણી આ નવી કોલમની શરુઆતે પ્રથમ આપણે સૌએ એક સંબંધનું વાવેતર કર્યું અને હવે સમય છે તેમાં મનગમતી ઈચ્છાઓના પુષ્પોને ખીલવવાનો! આપણા વ્યક્તિત્વના છોડને આપણે એવો સુંદર રીતે ખીલવીએ કે તેમાં ખીલતાં પુષ્પોનો મઘમઘાટ આપણી સાથોસાથ આપણી આસપાસના માહોલને પણ સુગંધ અને તાગજીથી મહેકાવી દો. અને હા, આર્ટીકલનું ફીડબેક આપવાનું ચૂકશો નહિ, મને આપના ઈ-મેઈલની પ્રતિક્ષા રહેશે! આપનું આવનારું સપ્તાહ ફુલગુલાબી સુગંધિત સવાર અને રાતરાણીની મહેક સમી સાંજ લઈને આવે એ જ અપેક્ષા!

- nehalgadhavi101@gmail.com

ફૂટપાથ પર રહેતી એક શ્રમિક બહેનનો હૃદયભાવ: તમને ચોક્કસ હલાવી નાખશે

નવી સવાર
રમેશ તન્ના

અમે અમારા એક મિત્રને કામસર મળવા ગયા. અમદાવાદ શહેરની મોંઘી સ્કીમમાં તેમનું મકાન. ખાસ્સું મોટું મકાન. એ સોસાયટીમાં પ્રવેશ કરતાં જ સિક્યુરિટી ગાર્ડના ટેબલ પર રોકાયો. પ્રવેશદ્વારે જમણી બાજુ તાજમહેલ યાદ આવી જાય તેવું જાજરમાન મકાન બની રહ્યું હતું. મહેલ જ જોઈ લો ને !

અમને વિચાર આવ્યો કે આપણા દેશમાં લાખો-કરોડો લોકોને રહેવા માટે ઘર નથી અને જેમની પાસે પૈસા છે તે લોકો મહેલ જેવાં આલિશાન ઘર બનાવે છે. અમદાવાદના એક નામાંકિત બિલ્ડર થોડા સમય પહેલાં મને તેમનું બની રહેલું ઘર જોવા લઈ ગયા હતા. બાપ રે બાપ.. કોઈ મહેલને પણ આંટી મારે તેવું તેમનું ઘર હતું. ખૂબ જ વિશાળ. બધુ જ મોટું મોટું. મોંઘું દાટ. આખું ઘર બતાવીને તેમણે મને પૂછેલું કે કેવું લાગ્યું ઘર ? મેં નમ્રતાથી જવાબ આપેલો કે મને તો આમાં ઘરની ફિલિંગ જ આવતી નથી. ઘર તો ઘર જેવું હોય. સાદું અને જરૂરિયાત પૂરતું. બે-ત્રણ રૂમ હોય, રસોડું હોય, બાથરૂમ અને સંડાસ હોય, ઓસરી હોય, જો ટેનામેન્ટ હોય તો વરંડો હોય..

જે દેશમાં લાખો અને કરોડો લોકો પાસે રહેવા માટે ઘર જ ના હોય, તેમણે ફૂટપાથ પર કે ખુલ્લામાં રહેવું પડતું હોય એ દેશમાં આવાં મોટાં અને આલિશાન મકાનોનો વૈભવ પોષાય ખરો ? શું તે યોગ્ય કહેવાય ?

બિલકુલ ના કહેવાય. ખરેખર તો આ પણ એક જાતનો ગુન્હો જ છે. તમારી પાસે પૈસા હોય એટલે કંઈ તમે તેનો મન ફાવે તેવો ઉપયોગ કે પ્રયોગ કરી ના શકો !

અમારા એક મિત્ર છે. શ્રી ગણપતભાઈ પટેલ. અમેરિકામાં રહે છે. ખાસ્સું કમાયા છે પણ બધુ સમાજને પરત આપી રહ્યા છે. તેમણે મહેસાણા પાસે ગણપત યુનિવર્સિટીની સ્થાપના કરી છે. તેમનાં નિરક્ષર માતા ગામ આખાને છાશ આપતાં એ સંસ્કાર તેમણે બરાબર પચાવ્યા છે. થોડા સમય પહેલાં તેમનો ફોન આવ્યો હતો. તેમણે એક એવી વાત કરી કે હૃદયને ચોંટી ગઈ. તેઓ કહેતા હતા કે ભારતમાં ભણેલા લોકો અને સંપત્તિવાનોના હૃદયમાં ગરીબો માટે કેમ કોઈ પ્રેમ કે સંવેદના નથી ? તેઓ જ્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા ગયા હતા ત્યારે આ વાત કરતાં કરતાં રડી પડ્યા હતા.

મહાત્મા ગાંધીએ આ જ વાત સ્વતંત્રતા પહેલાં કહી હતી.

એક વિદેશ પત્રકારે તેમને પૂછ્યું હતું કે તમારી દૃષ્ટિએ ભારતની સૌથી મોટી સમસ્યા કઈ છે ? ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે ભણેલા અને ઉપલા વર્ગની નિરક્ષરો અને ગરીબો માટેની અસંવેદનશીલતા.

આ જ મુદ્દો એકદમ મહત્ત્વનો છે. પ્રેમ, સંવેદના અને કરુણાનો ઝરો સૂકાઈ ગયો છે.

પૈસા, પૈસા અને પૈસા. સંપત્તિ, વૈભવ, જાગીર.. આ બધામાં આજનો મનુષ્ય અટવાઈ ગયો છે. ખરેખર તો ફસાઈ ગયો છે. તેના કારણે જ તે સંવેદનબધિર થઈ ગયો છે.

લેખના અંતે અમદાવાદના ઈક્રમટેક્ષ વિસ્તારમાં બનેલી એક સત્ય ઘટના જણાવું.

એક રોફદાર ભાઈ ફૂટપાથ પરથી પસાર થતા હતા.

ફૂટપાથ પર એક આદિવાસી મહિલા રસોઈ કરતી હતી. ત્રણ ઈંટોનો ચૂલો બનાવીને તેના પર તાવડી મૂકી હતી.

એ ભાઈનો પગ આદિવાસી મહિલાના એક માટલા સાથે અથડાયો.

ભાઈ ગુસ્સે થયા. મોભેદાર અને પૈસાવાળા હશે એટલે વધારે ગુસ્સો આવ્યો.

તેમણે લગભગ બૂમ મારીને કહ્યું કે કોનું છે આ માટલું ? રસ્તામાં કેમ મૂક્યું છે ?

એ શ્રમિક બહેને હાથમાં રોટલો હતો તે તરત જ તાવડી પર નાખ્યો. ફટાક દઈને ઊભાં થઈને તેમણે માટલું લીધું અને માફી માગી.

જોકે પેલા ભાઈનો ગુસ્સો સાતમા આસમાને હતો એટલે તરત તો કંઈ નીચે ના જ આવે ને !

તેમણે બહેનને ખખડાવી નાખતાં કહ્યું કે ફૂટપાથ તો ચાલવાની જગ્યા છે. અહીં રહેવાય નહીં. તમને ફૂટપાથ પર રહેતાં શરમ નથી આવતી ? એ બહેને જે જવાબ આપ્યો તે આપણે દરેકે હૃદયમાં કોતરી રાખવા જેવો છે.

તેમણે કહ્યું કે સાહેબ, અમને તો ફૂટપાથ પર રહેતાં ઘણીયે શરમ આવે છે, પણ તમને કોઈના ઘરમાંથી

પસાર થતાં શરમ નથી આવતી ? સાહેબ, આ તો અમારું ઘર છે !

એ બહેનની વાતમાં વજુદ છે.

લાખો-કરોડો લોકોને રહેવા માટે ઘર ના હોય એ દેશના લોકો આલિશાન મકાનોમાં રહે તે ખરેખર મોટી શરમની વાત છે.

ભારતની આઝાદીના અમૃત મહોત્સવ પ્રસંગે આપણે આત્મમંથન કરીએ.

છાંયડો:

શહેરનાં મકાનો આદિવાસી મજૂરો કે શ્રમિકો બનાવે છે. એ લોકો બિચારાં ખુલ્લામાં કે ઝૂંપડાંઓમાં રહે છે.

તેમનું પોતાનું મકાન નથી હોતું. વિચાર તો કરો કે તેઓ જ્યારે શહેરીજનો માટે સગવડવાળાં મકાનોનું કામ

કરતાં હશે ત્યારે તેમના મનમાં કેવા વિચાર આવતા હશે ? તેમના નિસાસા મકાનમાં રહેનારને ના લાગે ? પછી ક્યાંથી સુખી થઈ શકે શહેરીજનો ?